## (1) AuditOnline વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક એપ્લિકેશન છે, જેનું નિર્માણ ઈ–પંચાયત મિશન મોડ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવ્યું હતું.
(2) તેના દ્વારા પંચાયતના ત્રણેય સ્તરોનું ઓડિટીંગ થઈ શકે છે.
(3) તેના દ્વારા ઓનલાઈન તથા ઓફલાઈન એમ બન્ને રીતે ઓડિટીંગ થઈ શકે છે.
(4) વર્તમાન નાણાકીય વર્ષ માટે આશરે 1.5 લાખ જેટલી ગ્રામ પંચાયતોનું ઓડિટીંગ ઓનલાઈન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3)   (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)   (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ પંચાયતી રાજ મંત્રાલયે આશરે 50,000 જેટલી ગ્રામપંચાયતોનું ઓનલાઈન ઓડિટીંગ 'AuditOnline' એપ્લિકેશન મારફતે કરવાનો નિર્ણય આ નાણાકીય વર્ષ માટે કર્યો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ 'AutidOnline' એપ્લિકેશનનું નિર્માણ પંચાયતી રાજ મંત્રાલયની એક પહેલ ઈ–પંચાયત મિશન મોડ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ એપ્લિકેશન દ્વારા પંચાયતના ત્રણેય સ્તરો (જિલ્લા, બ્લોક તથા પંચાયત)નું ઓડિટીંગ કરી શકાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ એપ્લિકેશન ઓનલાઈન તથા ઓફલાઈન ઓડિટીંગની સુવિધાની સાથે જુના ઓડિટીંગના રેકોર્ડ પણ જાળવી રાખે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ઉપરાંત માહિતી જાહેર ડોમેઈન માટે ઉપલબ્ધ રહે છે.

⇛ આ દ્વારા જમીની સ્તરે ફંડના વપરાશમાં વધુ જવાબદારીતા લાવી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ સમૂહમાં વર્તમાન સમયે 8 સભ્યો છે.

(2) તે ભૌગોલિક આવરણ અને વસતીની દષ્ટિએ વિશ્વની સૌથી મોટી ક્ષેત્રીય સંસ્થા છે.

(3) આ સંસ્થાનું વડુંમથક શાંઘાઈમાં આવેલું છે.

(4) રશિયા આ સમૂહનું સભ્ય છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ જુલાઈ 24ના રોજ SCOના આરોગ્ય મંત્રીઓની બેઠક યોજાય હતી.

⇛ SCO એક રાજકીય, આર્થિક અને સુરક્ષા જોડાણ છે જેના નિર્માણના પાયા વર્ષ 2001માં મળી આવે છે.

⇛ શરૂઆતમાં આ સમૂહમાં માત્ર 5 સભ્યો હતાં. વર્તમાન સમયે આ સમૂહમાં કુલ 8 સભ્ય દેશ છે.

- ચીન
- કઝાખસ્તાન
- રશિયા
- કિર્ગિસ્તાન
- ભારત
- તાજિકિસ્તાન
- પાકિસ્તાન
- ઉઝબેકીસ્તાન

(આથી, વિધાન (1) અને (4) સાચાં છે.)

⇛ આ સમૂહ વિશ્વની અડધી વસતી ધરાવે છે. તે ભૌગોલિક આવરણ અને વસતીની દષ્ટિએ વિશ્વની સૌથી મોટી ક્ષેત્રીય સંસ્થા છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સમૂહનું વડુંમથક બેઈજીંગમાં આવેલ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(3) ડી.પી. સિંઘ કમિટી નીચેનામાંથી કયા-કયા મુદ્દાઓને ધ્યાનમાં લેશે ?

(1) વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓની સમસ્યા

(2) COVID-19ના કારણે વિદેશથી પરત ફરી રહેલા વિદ્યાર્થીઓની સમસ્યા

(3) જોઈન્ટ ડિગ્રી પ્રોગ્રામ્સ

(4) શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગોને જોડવાની તકો

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ 24 જુલાઈના રોજ માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા ડી. પી. સિંઘની અધ્યક્ષતામાં એક કમિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કમિટી એ બાબતની ખાતરી કરશે કે વિદ્યાર્થીઓ ભારતમાં રહે અને પોતાનો ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરે તથા આ માટેની માર્ગદર્શીકા પણ આ કમિટી બનાવશે.

⇛ આ કમિટી નીચેના મુદ્દાઓ પર પણ કાર્ય કરશે.

- વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓની સમસ્યાઓ (આથી, વિધાન (1) સાચું છે.)
- COVID-19ના કારણે વિદેશથી પરત ફરી રહેલા વિદ્યાર્થીઓની સમસ્યાઓ (આથી, વિધાન (2) સાચું છે.)
- મલ્ટી–ડિસીપ્લીનરી અને ઈનોવેટીવ પ્રોગ્રામ શરૂ કરવા માટેના મિકેનીઝમની શોધખોળ.
- જોઈન્ટ ડિગ્રી પ્રોગ્રામ્સના વિકલ્પોનું અવલોકન (આથી, વિધાન (3) સાચું છે.)
- શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગોને જોડવાની તકોની શોધખોળ (આથી, વિધાન (4) સાચું છે.)
- ભારતની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં લેટરલ એન્ટ્રીનો વિકલ્પ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) ઉન્નત ભારત અભિયાન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયનું આ અભિયાન છે.
(2) આ અભિયાન ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાને ઓછામાં ઓછા 5 ગામડાંઓના સમૂહ સાથે જોડવાનું ધ્યેય રાખે છે.
(3) શૈક્ષણિક સંસ્થાઓ ગ્રામ્ય વિસ્તારના વિકાસને લગતા અવરોધોને ઓળખીને તેનું સમાધાન લાવશે.
(4) તાજેતરમાં આ અભિયાનના અમલીકરણ માટે TRIFED એ IIT-દિલ્હી સાથે કરાર કર્યા છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં જનજાતિ કાર્ય મંત્રાલય હેઠળ કાર્ય કરતી **TRIFED** નામની સંસ્થાએ ઉન્નત ભારત અભિયાનના અમલીકરણ માટે **IIT**-દિલ્હી સાથે કરાર કર્યા છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ ઉન્નતત ભારત અભિયાન માનવ સંસાધન વિકાસ મંત્રાલયનો ફ્લેગશીપ કાર્યક્રમ છે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇛ આ અભિયાન હેઠળ એક ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાને ઓછામાં ઓછાં **5** ગામડાંઓના સમૂહ સાથે જોડવાનું ધ્યેય રાખવામાં આવ્યું છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ શૈક્ષણિક સંસ્થાઓ ગામડાંના વિવિધ પ્રશ્નોને ઓળખીને તેનું સમાધાન લાવી શકશે. આ દ્વારા ગ્રામ્ય સમુદાયના સામાજિક–આર્થિક જીવનમાં સુધારા થશે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(5) 'ASTHROS' મિશન વિશે નીચેનામાંથી સાચાં વિધાનં પસંદ કરો ?**

(1) આ મિશન યુરોપિયન સ્પેસ એજન્સીનું છે.

(2) આ મિશન એન્ટાર્કટીકા પરથી લોંચ કરવામાં આવશે.

(3) મિશનમાં નાઈટ્રોઝન તથા ઝેનોન વાયુના બલુનને પ્રક્ષેપિત કરવામાં આવશે.

(4) આ બલુનને ટ્રોપોસ્ફીયરમાં તરતા મુકાશે.

(A) માત્ર (1)
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (2)
(D) માત્ર (2) અને (3)

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇒ નાસા ડિસેમ્બર 2023માં તેના 'ASTHROS' મિશનને એન્ટાર્કટીકા પરથી લોંચ કરશે. (આથી, વિધાન (1) ખોટું છે, જ્યારે વિધાન (2) સાચું છે.)

⇒ આ મિશનમાં ફૂટબોલ સ્ટેડિયમના કદ જેવડાં બલુનને સ્ટ્રેટોસ્ફીયરમાં મુકવામાં આવશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇒ આ બલુન પૃથ્વી પરથી આવતા અદ્દશ્ય પ્રકાશની તરંગલંબાઈનું અવલોકન કરશે.

⇒ આ બલુનમાં ટેલીસ્કોપ, સબ સિસ્ટમ, વૈજ્ઞાનિક ઉપકરણો, ઈલેક્ટ્રોનિક સિસ્ટમ અને કુલીંગ સિસ્ટમ હશે.

⇒ બલુનમાં હિલિયમ વાયુ ભરવામાં આવશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ આ મિશન દ્વારા વિશાળ તારાઓના નિર્માણના અણઉકેલ્યા પ્રશ્નોના જવાબો મળી શકશે.

⇒ ASTHROSનું પૂરુંનામ Astrophysics stratospheric Telescope for High Spectral Resolution Observation as Sub millimetre Wavelenghts છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT